# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૨ ❖ ચૈત્ર પૂર્ણિમા ❖ ૨૦ એપ્રિલ, ૨૦૦૮ ❖ વર્ષ - ૯ ❖ અંક - ૧ ❖ સળંગ અંક - ૯૭


## ધમ્મવાણી

आरद्धविरिये पहितत्ते निच्चं दळ्हपरक्कमे ।
समग्गे सावके पस्स, एतं बुद्धानवन्दनं ॥
(महाप्रजापति गोतमी थेरी अपदानं – २/७–१७१)

જો ! આ શ્રાવકો જે નિત્ય સામૂહિક રૂપે દૃઢતાપૂર્વક પરાક્રમ કરીને અહંકારશૂન્ય થઈને સાધના કરે છે, એ જ બધા બુદ્ધોની વંદના છે.

## વિપશ્યના પેગોડા શા માટે ?

ભગવાન બુદ્ધે બૌદ્ધ ધર્મ નથી શીખવ્યો. એમણે પોતાના જીવનકાળમાં કોઈ એક વ્યક્તિને પણ બૌદ્ધ નથી બનાવી. આ સાંભળીને આશ્ચર્ય થશે, વિપશ્યના કરવાનું મન નહિ થાય, કેમ કે આપણે કોણ જાણે ક્યારથી આ સચ્ચાઈની વિરૂદ્ધ બોલતાં-સાંભળતા, લખતાં-વાંચતાં આવ્યાં છીએ. પરંતુ, ઐતિહાસિક સચ્ચાઈ એ જ છે, સાચી હકીકત એ છે કે બુદ્ધે બૌદ્ધ ધર્મ નથી શીખવ્યો કે ન તો કોઈને બૌદ્ધ બનાવ્યા છે.

ભગવાન બુદ્ધે ધર્મ શીખવ્યો અને લોકોને ધાર્મિક બનાવ્યા. ધમ્મગિરિ સ્થિત વિપશ્યના વિશોધન વિન્યાસે સમસ્ત બુદ્ધવાણી તથા તેને સંબંધિત વિશાળ પાલિ સાહિત્યને એક નાનકડી સીડી-રોમમાં મૂકી દીધું છે. આ સાહિત્ય ખરેખર વિશાળ છે. એમાં ૧૪૬ ગ્રંથ છે જેના ૫૨,૬૦૨ પાનામાં કુલ ૭૪,૪૮,૨૪૮ શબ્દોનો સમાવેશ છે. આ આશ્ચર્યજનક આધુનિક ઉપકરણમાં એ સુવિધા ઉપલબ્ધ છે કે અત્યંત સરળતા અને શીઘ્રતાથી આ વિશાળ સાહિત્યમાં કોઈ પણ શબ્દને ખોળી શકાય છે. કોઈ શબ્દ ક્યા ક્યા ગ્રંથોમાં, ક્યા ક્યા પૃષ્ઠો પર અને કઈ કઈ પંક્તિઓમાં ક્યાં ક્યાં આવેલો છે એ તથ્યની જાણકારી તત્કાળ પ્રાપ્ત કરી શકાય છે. આ વિશ્વસનીય ટેકનિકલ સુવિધાનો ઉપયોગ કરતાં ઉપરોક્ત કથન સર્વથા સત્ય સિદ્ધ થયું. સમગ્ર બુદ્ધવાણીમાં તથા તેને સંબંધી ભાષ્ય, ટીકાઓ તથા અનુટીકાઓમાંના વિપુલ સાહિત્યમાં તેમના ઉપદેશને માટે અથવા તેમના શિષ્યોને માટે ક્યાંય પણ ''બૌદ્ધ'' શબ્દનો પ્રયોગ નથી થયો.

સમગ્ર બુદ્ધવાણીમાં ભગવાન બુદ્ધના ઉપદેશને માટે ''ધર્મ'' શબ્દનો જ સર્વત્ર પ્રયોગ થયો છે. ''બૌદ્ધ ધર્મ'' નો નહીં. ધર્મની સાથે ક્યાંય કોઈ વિશેષણ જોડયું પણ છે, તો તે ગુણવાચક જ છે, નહિ કે સંપ્રદાયવાચક. જેમ કે सद्धम्म(સત્યધર્મ), अरियोधम्मो (આર્ય ધર્મ), धम्मो सनन्तनो(સનાતન ધર્મ) આદિ આદિ. એમના શિષ્યોને ક્યાંય પણ ''બૌદ્ધ'' નથી કહ્યા. એમના બતાવેલા માર્ગ પર ચાલીને લાભાન્વિત થયેલા લોકોને માટે છ શબ્દોનો પ્રયોગ જોવામાં આવે છે : धम्मीं(ધર્મી), धम्मिको(ધાર્મિક), धम्मट्ठो (ધર્મિષ્ઠ), धम्मचारिं(ધર્મચારી), धम्मविहारी(ધર્મવિહારી), धम्मानुसारी(ધર્માનુસારી).

બુદ્ધના જીવનકાળમાં જ નહિ, બલકે તદુપરાંત સદીઓ સુધી 'બૌદ્ધ' કે 'બૌદ્ધ ધર્મ' જેવા શબ્દોનો ક્યાંય પ્રયોગ નથી મળતો. બુદ્ધના લગભગ અઢીસો વર્ષ પશ્ચાત્ રાજ્યલિપ્સામાં લેપાઈને નૃશંસ નરસંહાર કરનાર અને પોતાને 'ચંડ અશોક' કહેવડાવવામાં ગૌરવ અનુભવ કરનાર સમ્રાટ અશોક ધર્મના સંપર્કમાં આવ્યો ; સ્વયં લાભાન્વિત થઈને જ્યારે અન્ય લોકોને પણ ધર્મના માર્ગ પર ચાલવાને માટે પ્રેરિત કરવા લાગ્યો તો धम्म असोक કહેવાયો, નહિ કે 'બૌદ્ધ અશોક' તેણે પોતાની પ્રજા પ્રત્યે વાત્સલ્યભાવ રાખીને તેમનામાં (લોકોમાં) धम्म(ધર્મ) નો પ્રચાર-પ્રસાર કર્યો, નહિ કે 'બૌદ્ધ ધર્મ' નો. પાડોશી દેશોમાં જ નહિ, સુદૂર પશ્ચિમી દેશોમાં પણ ભારતમાંથી અણમોલ ભેટ રૂપે धम्म रतन(ધર્મ રત્ન) જ મોકલ્યું, બૌદ્ધ ધર્મ નહીં. આ કલ્યાણકારી ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ કાર્યને માટે એ દેશોમાં ધર્મનિષ્ઠ धम्मदूत(ધર્મદૂત) મોકલ્યા, ''બૌદ્ધ દૂત'' નહીં. અત્યાર સુધીમાં સમ્રાટ અશોકના જેટલા પણ શિલાલેખ અને સ્તંભલેખ પ્રકાશમાં આવ્યા છે. તેમાં બૌદ્ધ શબ્દ ક્યાંય શોધવાથી યે નથી મળતો. સર્વત્ર ધર્મ શબ્દનો જ પ્રયોગ થયો છે. ધર્મ સર્વજનીન છે, બધાનો છે એટલે આ માર્ગ પર ચાલનારો સમ્રાટ અશોક પણ પ્રજાને ઉપદેશ આપે છે કે એક સંપ્રદાયના લોકો બીજા સંપ્રદાયની કદી નિંદા ન કરે. પરસ્પર પ્રેમભાવ રાખે. સર્વજનીન ધર્મની આ જ વિશેષતા છે.

બુદ્ધનો આવો સર્વજનીન ધર્મ-ઉપદેશ ક્યારે સંકુચિત કુંડાળામાં સીમિત થઈ ગયો એ સંશોધનનો વિષય છે. આ ભાષા તથા ઈતિહાસકારોની શોધનો વિષય છે કે 'બૌદ્ધ', 'બૌદ્ધ ધર્મ' અને 'બૌદ્ધ દર્શન' જેવા સંપ્રદાયવાદી શબ્દ ક્યારે અને કોના દ્વારા ઉપયોગમાં લાવવામાં આવ્યા. વિપશ્યના વિશોધન વિન્યાસ પણ આ દિશામાં ઉચિત સંશોધન કરશે.

એટલું તો સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે આ શબ્દનો પ્રયોગ ત્યારથી થવા લાગ્યો હશે જ્યારથી દેશે (દેશના લોકોએ) ભગવાન બુદ્ધના ઉપદેશનો સાર ભૂલાવી દીધો. ધીરે ધીરે તત્સંબંધી

સમસ્ત મૂળ સાહિત્ય ખોઈ દીધું અને સૌથી ખરાબ વાત તો એ થઈ કે, એ સારને અનુભૂતિ પર ઉતારીને તેને જીવનચર્યાનું અંગ બનાવી દેનારી વિપશ્યના વિદ્યા ખોઈ નાખી એ વિપશ્યના વિદ્યા કે જે બુદ્ધના ઉપદેશનો વ્યાવહારિક પક્ષ હતો અને જેના અભ્યાસથી જાતિ, વર્ણ, વર્ગ તથા સંપ્રદાય અને દેશ-પ્રદેશની કૃત્રિમ સીમાઓને તોડીને જન-જનનો ઉપકાર થઈ રહ્યો હતો અને જે બુદ્ધના ઉપદેશના સર્વજનીન હોવાનું પ્રમાણ હતું. વિપશ્યના વિદ્યા લુપ્ત થવાથી બુદ્ધના મૌલિક ઉપદેશને ક્ષતિ થઈ અને આપણા દેશની જ નહિ બલ્કે સમસ્ત માનવજાતિની બહુ મોટી હાનિ થઈ. બુદ્ધનો ધર્મોપદેશ જે બધાને માટે હતો તે 'બૌદ્ધ ધર્મ' બનીને કેવળ 'બૌદ્ધ' કહેવડાવનારા લોકો સુધી સીમિત રહી ગયો. વિપશ્યનાના અભાવને કારણે અધિકાંશ લોકો બુદ્ધના કલ્યાણકારી ઉપદેશના સર્વજનીન સાર્વદેશિક અને સાર્વકાલિક મહત્ત્વને ભૂલી બેઠાં. જ્યાં સુધી 'ધર્મ' હતો ત્યાં સુધી તેને ગ્રહણ કરવામાં કોઈને સંકોચ નહોતો થતો, પરંતુ 'બૌદ્ધ ધર્મ' કહેતાં જ એ ભ્રાંતિ ફેલાવી સ્વાભાવિક હતી કે આ તો બૌદ્ધોનો ધર્મ છે, અમારો નહીં. બુદ્ધે જેને અપ્પમાણો ધમ્મો(અપરિચિત ધર્મ) કહ્યો, તે એક વ્યવસ્થિત રિલિજન (Religion) ના ક્ષુદ્ર વાડામાં બંધ થઈને પમાણવતી (પરિમિત) બની ગયો અને દુર્ભાગ્યથી વિશ્વના વિભિન્ન સંપ્રદાયોની નીચલી કતારમાં બેસાડી દેવાયો. આ કારણે લોકો તેના સર્વજનીન હિતકારી સ્વરૂપના મહત્ત્વથી અપરિચિત રહી ગયા, તેનાથી પ્રાપ્ત થનારા લાભથી વંચિત રહી ગયા. સૌભાગ્યથી પડોશી દેશ મ્યંમામાં થોડાક સમજદાર લોકો દ્વારા પેઢી દર પેઢી સદીઓ સુધી શુદ્ધ રૂપમાં સંભાળી રખાવાને કારણે આ સર્વજનીન વિદ્યાનો હવે પુનઃ અભ્યુદય થયો છે.

ભારતમાં તેનું પુનરાગમન થયું છે. વિશ્વમાં પુનર્જાગરણ થયું છે. છેલ્લા લગભગ ત્રણ દસકામાં તેના પ્રયોગ દ્વારા એ સર્વથા સિદ્ધ થઈ ગયું છે કે બુદ્ધનો મૂળ ઉપદેશ કોઈ એક સંપ્રદાયના દાયરામાં બંધાઈ રહેવાને માટે નથી. એ વિશ્વજનીન છે. વિશ્વના બધા સંપ્રદાયો અને બધી જાતિ, વર્ણ, વર્ગના લોકો આ કલ્યાણકારી વિદ્યાનો લાભ ઉઠાવી શકે છે, પ્રત્યક્ષ ઉઠાવી પણ રહ્યા છે. એ વિશ્વાસ કરવો ખોટો નથી કે આના વિકાસ દ્વારા વિભિન્ન સંપ્રદાયો અને વિભિન્ન જાતિઓમાં ચાલી રહેતા દ્વેષ-દુર્ભાવનો કલહ દૂર થઈ શકશે, અને દેશમાં તથા વિશ્વમાં બધા લોકોમાં પારસ્પરિક સ્નેહ-સૌહાર્દની સદ્ભાવના ઉત્પન્ન થઈ શકશે.

વિપશ્યના ભારતની અત્યંત પ્રાચીન સાધના પદ્ધતિ છે. સમયાંતરે જે પણ વ્યક્તિ બુદ્ધ બને છે તે આ વિલુપ્ત વિદ્યાને ખોળીને જ બોધિ પ્રાપ્ત કરે છે. ગૌતમ બુદ્ધના પૂર્વકાલીન વૈદિક સાહિત્યમાં આ વિદ્યાની ભરચક પ્રશંસા ઉલ્લેખિત છે. પરંતુ કેવળ પ્રશંસા જ છે. તત્કાલીન ભારત (દેશ) આ વિદ્યાનો પ્રયોગ સર્વથા ભૂલી બેઠો હતો. શાક્યમુનિ સિદ્ધાર્થ ગૌતમે અત્યંત પરિશ્રમ દ્વારા આ વિલુપ્ત થયેલી વિદ્યા પુનઃ ખોળી કાઢી અને અત્યંત કરૂણાચિત્તથી લોકકલ્યાણને માટે તેને સર્વજન હિતાર્થ પ્રકાશિત, પ્રસારિત કરી. દુર્ભાગ્યથી થોડી સદીઓ બાદ ભારત એ ઐતિહાસિક બુદ્ધને પણ ખોઈ બેઠું અને પોતાની એ પુરાતન, સનાતન વિપશ્યના વિદ્યાને પણ ફરીથી ખોઈ બેઠું. આવી કલ્યાણકારિણી વિદ્યા જેને કારણે ભારતનો અતીત અત્યંત ગરિમામય રહ્યો અને સંસારે વિશ્વગુરુના રૂપમાં તેનું સાદર અભિનંદન કર્યું.

આ વિશાળ સ્તૂપ ભારતની એ પ્રાચીન ગૌરવ ગરિમાનો જાજવલ્યમાન પ્રકાશસ્તંભ સાબિત થશે. ભારતની પુરાતન, સનાતન, સર્વજનીન ધર્મ-પરંપરાને લોક-કલ્યાણને માટે પુનઃ જાગ્રત કરશે. આ સ્વર્ણિમ સ્તૂપ અને સ્વર્ણિમ યુગનું પુનરાવર્તન કરશે જ્યારે (જે યુગમાં) ભારત અધ્યાત્મ વિદ્યાની સાથોસાથ લૌકિક શિક્ષણમાં અને ભૌતિક ઐશ્વર્યમાં પણ પૂરા સંસારનું શિરોમણિ હતું. આ ગગનચુંબી સ્તૂપ પોતાનું ઉન્નત શિર ઊંચકીને ભારતના જ નહિ, વિશ્વના તમામ લોકોનું આહ્વાન કરશે અને તથાગત તથા એમના સર્વહિતકારી ઉપદેશને બુલંદી સાથે મુખરિત કરશે.

આની વર્તુળાકાર પ્રદર્શન-લોબીમાં ઉચ્ચકોટિના પરંપરાગત શિલ્પ અને ચિત્રકલાના આધાર પર બનેલી ઝાંખી, પ્રકાશ અને અવાજ (Light & Sound)નાં આધુનિકતમ ઉપકરણોની સહાયતાથી ભગવાન બુદ્ધના બારામાં ફેલાયેલી ભ્રાંતિઓને દૂર કરશે. શ્રોતાઓ અને દર્શકોને એ તથ્યની જાણકારી મળશે કે શાક્યમુનિ ગૌતમ બુદ્ધ કોઈ દેવ નહોતા કે ન તો કોઈ દેવના અવતાર કે પ્રતિનિધિ. તેઓ કોઈ દૈવી કૃપાથી બુદ્ધ નહોતા બન્યા. અનેક જન્મોના કઠોર પરિશ્રમ દ્વારા ભવપાર ઉતારનારી સદ્ગુણોની પુણ્ય પારમિતાઓને પરિપૂર્ણ કરીને આ અંતિમ જીવનમાં તેમણે સમ્યક્ સંબોધિ ઉપલબ્ધ કરેલી હતી અને એટલે જ સંબુદ્ધ કે અર્થાત્ સ્વયંબુદ્ધ કહેવાયા. તેઓ પૌરાણિક નહિ બલ્કે પૂર્ણતઃ ઐતિહાસિક માનવ હતા. એક માનવ દ્વારા ઉપલબ્ધ કરી શકાતી સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરી લેવાને કારણે તેઓ મહામાનવ કહેવાયા, મહાપુરૂષ કહેવાયા. અસીમ કરુણાથી તરબોળ થઈને દુઃખિયારી માનવતાને દુઃખ વિમુક્તિને માટે કલ્યાણકારી વિપશ્યના વિદ્યા જીવનભર વહેંચતા રહ્યા, એટલે મહાકારુણિક કહેવાયા. રાગ, દ્વેષ અને મોહને પૂર્ણતઃ ભગ્ન કરી લેવાને કારણે ભગવાન કહેવાયા. કર્મ અને તદનુસાર કર્મવિપાકના નૈસર્ગિક નિયમોનું સ્વયં પ્રત્યક્ષીકરણ કરીને તેના અસ્તિત્વનો સ્વીકાર કરીને અને તેનો જ પ્રચાર-પ્રસાર કરવાને કારણે પરમ આસ્તિક કહેવાયા. એ દિવસોના ભારતમાં આસ્તિકતાથી આ જ પરિભાષા સર્વસ્વીકૃત હતી.

ઐતિહાસિક મહામાનવ બુદ્ધનું સત્ય-સ્વરૂપ પ્રકાશિત થશે તો ભારતમાં બુદ્ધ પ્રતિ ફેલાએલી ભ્રાંતિઓનું નિરાકણ થશે અને અંધવિશ્વાસજન્ય દૈવી ચમત્કારોના સ્થાને માનવીય પરાક્રમ અને પુરૂષાર્થની ગૌરવમયી મહત્તા સ્થાપિત થશે.

શાક્યમુનિ ગૌતમબુદ્ધના દીર્ઘ જીવનમાં અનેક ઐતિહાસિક ઘટનાઓ ઘટી. આ લોબીમાં પ્રદર્શન કક્ષોની સંખ્યા સીમિત છે. અતઃ એ બધી (ઘટનાઓ)નું પ્રદર્શન સંભવ નથી. પરંતુ જે કાંઈ પ્રદર્શિત કરી શકાયું છે તેનાથી એ સત્ય ઉદ્ઘાટિત થશે કે ભગવાન બુદ્ધે કોઈ

સંપ્રદાય સ્થાપિત નથી કર્યો. કોઈને ચેલા બનાવીને સાંપ્રદાયિક વાડામાં બાંધવાનું એમનું કોઈ પ્રયોજન નહોતું. તેમણે લોકો પર અસીમ અનુકંપા કરીને જે શુદ્ધ ધર્મ પ્રકાશિત કર્યો. તેનો એકમાત્ર ઉદ્દેશ્ય બહુજન હિતાય, બહુજન સુખાય જ હતો, નહિ કે આત્મહિતાય અથવા સંપ્રદાયહિતાય જેમને ધર્મમાં પરિપક્વ કરીને ધર્મ-પ્રકાશન માટે મોકલ્યા તેમને પણ બહુજન હિતાય, બહુજન સુખાય, લોકાનુકમ્પાય ના મંગલ ભાવોથી ઉદ્‌બોધિત કરીને જ મોકલ્યા. સંપ્રદાય સ્થાપન કરવાને સ્થાને તેમણે અત્યંત પ્રાચીન સત્ય સનાતન ધર્મને જ પોતાના નિતાંત શુદ્ધ રૂપમાં પુનઃ સંસ્થાપિત કર્યો. શુદ્ધ ધર્મના સુંદર શરીરમાં કોઢની જેમ સડતા બદસૂરત દુઃખદાયી ગૂમડાંને એક મહાકારુણિક મહાભિષક્ (વૈદ) ની માફક દૂર કરવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. ધર્મના નામ પર નિર્બળ નિરપરાધ મૂક પશુઓનો બલિ ચઢાવનારા નિર્દયી કર્મકાંડોને બંધ કરાવવાનો સફળ પ્રયાસ કર્યો. ગુણોની ઉપેક્ષા કરીને જન્મના આધાર પર સ્થાપિત કરાયેલી દૂષિત વર્ણવ્યવસ્થા અને તજ્જન્ય કલુષિત જાતિપ્રથાને ઊખેડીને કર્મના આધાર પર ધર્મની શુદ્ધતા સ્થાપિત કરવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. નિઃસાર કર્મકાંડો દ્વારા ચિત્તવિશુદ્ધિ અને ભવવિમુક્તિ ઉપલબ્ધ થશે, આ અંધવિશ્વાસમાં ભોળી જનતા ડૂબેલી હતી. અસીમ મૈત્રી ચિત્ત દ્વારા તથાગતે આવા ભટકેલા લોકો પર કરુણાવૃષ્ટિ કરીને તેમને શીલ, સમાધિ અને પ્રજ્ઞાના ધર્મમાર્ગે લાવવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. પોતપોતાના ધર્મગ્રંથોના પઠન-પાઠન અને પોતપોતાની દાર્શનિક માન્યતાઓ પ્રત્યેના અભિનિવેશપૂર્ણ (દ્રઢતાપૂર્ણ) ઉહાપોહને જ જીવનનું અભીષ્ટ લક્ષ્ય માની બેઠેલા ભ્રાંત લોકોને વિપશ્યનાના અભ્યાસ દ્વારા શુદ્ધ ધર્મને જીવનચર્યાનું અભિન્ન અંગ બનાવવાનો વ્યાવહારિક પ્રયોગ શીખવ્યો. કોઈ કાલ્પનિક અદૃશ્ય સત્તાની અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા કરીને પ્રાર્થના, યાચના કરવાથી એ (અદૃશ્ય સત્તા) પ્રસન્ન થઈને દુઃખમુક્ત કરી દેશે, એવી અંધ માન્યતાઓમાં અનેક લોકો અટવાયેલા હતા. તેમને સ્વકર્માનુસાર કર્મફળ પ્રાપ્ત થવાના નૈસર્ગિક નિયમો પર આધારિત સત્ય સનાતન ધર્મનું મહત્ત્વ સમજાવ્યું અને કાયા, વાણી, ચિત્તના કર્મ સુધારવાની કલ્યાણકારી વિદ્યા શીખવી.

આ જ વિપશ્યના દ્વારા શાક્યમુનિને સ્વયં ભવમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ. તેઓ સમ્યક્ સંબુદ્ધ બન્યા. આ જ વિદ્યા પ્રાપ્ત થતાં અસીમ ધૈર્ય, નિર્ભયતા, સમતા, મૈત્રી અને કરુણાનું એવું ધર્મબળ પ્રાપ્ત કર્યું જેને કારણે અનેક વિષમ પરિસ્થિતિઓના સામનો અવિચલિત રહીને કરતાં શીખ્યા. તેમના જીવનના આવા કેટલાક પ્રેરક પ્રસંગોની ઝાંખી આ લોબીમાં દેખાડાઈ છે જેથી શુદ્ધ ધર્મ પ્રત્યે લોકોનો ઉત્સાહ જાગે. તેમના જીવનકાળના જે અનેક લોકોએ આ જ વિપશ્યના વિદ્યા દ્વારા નિર્ભય અને નિર્વેર થઈને ભવમુક્ત અવસ્થા પ્રાપ્ત કરી તેમનામાંથી કેટલાક સંબંધિત ઐતિહાસિક પ્રસંગોની પ્રેરણાત્મક ઝાંખી પ્રસ્તુત કરાઈ છે.

(ક્રમશઃ)

**ધમ્મકોટ ખાતે નીચે જણાવેલ તારીખની શિબિરો હાલ પુરતી સ્થગીત કરવામાં આવેલ છે જેની ખાસ નોંધ લેશો....**

**તા. : ૧૫/૫/૦૮ થી ૨૩/૫/૦૮ (ગર્લ્સ માટે યુવા શિબિર)**
**તા. : ૨૪/૫/૦૮ થી ૪/૬/૦૮ - ૧૦ દિવસીય શિબિર**

## વડોદરા ખાતે વિપશ્યના શિબિર

* **૧૦ દિવસીય શિબિર તા. : ૩૦/૪/૦૮ થી ૧૧/૫/૦૮ સુધી**
**સંપર્ક :-** ધમ્મ ભવન, ૫ કાલિંદી પાર્ક, આકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૨૦. ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧
નટુભાઈ પરમાર - ૯૮૯૮૦ ૮૩૭૪૯
હરીશભાઈ પ્રજાપતિ - ૯૩૭૭૧ ૪૮૪૮૫

* **શિબિર - કાર્યશાલા : ''મૂલ્યો પર આધારિત શિક્ષણ''**
ફક્ત શિક્ષક અને શિક્ષિકાઓ માટે તેમજ શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલ વ્યક્તિઓ માટે.
તા. : ૨૩/૫/૦૮ થી ૦૫/૦૬/૦૮ સુધી
**સંપર્ક :-** ધમ્મ ભવન, ૫ કાલિંદી પાર્ક, આકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૨૦. ફોન : ૦૨૬૫-૨૩૪૧૧૮૧
નિમેશભાઈ શાહ - ૯૮૨૪૧ ૪૫૧૫૧

## બાલા શિનોર-વિરપુર ખાતે વિપશ્યના શિબિર

**૧૦ દિવસીય શિબિર તા. : ૧૦/૫/૦૮ થી ૨૧/૫/૦૮ સુધી**
સ્થળ : માનવ સેવા મંદિર, રિલાયન્સ પેટ્રોલપંપ સામે, વિરપુર-૩૮૮૨૫૫.
**સંપર્ક :-** (૧) હોટલ મયુર - વિરપુર રોડ, બાલા શિનોર. મો. : ૯૪૨૮૬ ૬૦૫૩૦
(૨) ચતુરભાઈ - મો. : ૯૪૨૬૩ ૬૮૦૬૯
(૩) સુરેશભાઈ ધારીયા - મો. : ૯૭૨૭૯ ૦૧૫૧૧

## ત્રિવેણીતીર્થ ખાતે વિપશ્યના શિબિર

**૧૦ દિવસીય શિબિર તા. : ૨૧/૫/૦૮ થી ૧/૬/૦૮ સુધી**
સ્થળ : ત્રિવેણી તીર્થ, ઉત્તર બુનીયાદી વિદ્યાલય, કલસર. તા. મહુવા, જી. ભાવનગર.
**સંપર્ક :-** (૧) નારણભાઈ પટેલ - (૦૨૮૪૪) ૨૮૧૪૨૩
(૨) રિખવભાઈ અંજારીયા - (૦૨૮૪૪) ૨૨૨૦૧૨
(૩) ડૉ. કનુભાઈ કલસરીયા - મો. : ૯૮૨૫૨ ૩૧૦૧૨

## અમરેલી ખાતે મહિલાઓ માટે વિપશ્યના શિબિર

**૧૦ દિવસીય શિબિર તા. : ૧૮/૫/૦૮ થી ૨૯/૫/૦૮ સુધી**
સ્થળ : મહિલા અંધ શાળા, મણિનગર, તારવાડી પાસે, અમરેલી.
**સંપર્ક :-** (૧) દ્વારકાદાસ લલાડિયા - ફોન : (૦૨૭૯૨) ૨૨૩૯૮૩ મો. : ૯૪૨૬૨ ૩૧૪૪૯
નોંધ :- ફક્ત મર્યાદિત ૨૫ સાધિકાઓ માટે જ.

**ધમ્મકોટ - રાજકોટ કેન્દ્ર ખાતે કોમ્પ્યુટર ડેટા-એન્ટ્રી માટે એક વ્યક્તિની જરૂર છે. માનદ્ વેતન આપવામાં આવશે. સીટી ઓફીસ-ભાભા ગેસ્ટ હાઉસ ખાતે સંપર્ક કરવો.**

### સ્થળમાં ફેરફાર નોંધશો

**મંગળવારે સવારના ૭-૩૦ થી ૮-૩૦ દરમ્યાન કિરણ સોસાયટીમાં થતી સમૂહ સાધના હવેથી દર મંગળવારે તે જ સમય દરમ્યાન ચાણક્ય એપાર્ટમેન્ટ, શ્રોફ રોડના હોલમાં રાખવામાં આવેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.**

## સજગતા અને સમતા કેળવો

**પ્રશ્ન : જગતને ભૂલી જઈ, આખો દિવસ બેસી રહો અને સાધના કર્યા કરો એ શું સ્વાર્થીપણું નથી ?**

ઉત્તર : મનને તંદુરસ્ત - સ્વસ્થ કરવા સાધનાનો ઉપયોગ કરવો એમાં સ્વાર્થીપણું નથી. જ્યારે તમારું શરીર માંદુ પડે છે. ત્યારે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા તમે હોસ્પિટલમાં દાખલ થાઓ છો. ત્યારે તમે એમ નથી કહેતા, ''અરે રે, હું કેવો સ્વાર્થી !'' - તમે જાણો છો કે માંદા કે જખમી થયેલા શરીરથી ઠીક રીતે જીવી શકાય નહીં; વળી, માણસ, પોતાના શરીરને વધુ બળવાન બનાવવા વ્યયામ શાળામાં પણ જાય છે. તેવી રીતે માણસ પોતાના મનને સ્વસ્થ કરવા સાધના - કેન્દ્ર પર જાય છે - કંઈ આખી જિંદગી ત્યાં રહેવા માટે નહીં. રોજ - બરોજનું જીવન - પોતાના માટે, તેમ જ અન્ય માટે - સારી રીતે જીવી શકે તે માટે તંદુરસ્ત - સ્વસ્થ મન સૌથી વધુ જરૂરનું છે.

**પ્રશ્ન : હું સમજી શકું છું કે જે લોકો પોતાના જીવનમાં સુમેળ સાધી શક્યા નથી, જેઓ દુઃખમાં છે, તેઓને વિપશ્યાના સાધના મદદ કરી શકે. પણ, જેઓ પોતાની જીંદગીથી સંતુષ્ટ છે, સુખી છે, તેઓને વિપશ્યાના શેમાં મદદરૂપ થઈ શકે ?**

ઉત્તર : જે માણસ જીંદગીના ઉપર - છલ્લા સુખોથી સંતુષ્ટ રહે છે, તે પોતાના મનની ભીતર ઊંડાણમાં થઈ રહેલી ઉત્તેજનાઓથી અજ્ઞાન છે. એ ભ્રાન્તિમાં છે. વળી, જે ઉત્તેજનાઓ - તાણાવો મનમાં ઊંડા સ્તરે પેદા થઈ રહી છે, તે સંવર્ધન પામી રહી છે, અને વહેલી કે મોડી બહાર પ્રગટ થઈ મનના ઉપલા સ્તરે આવશે... ત્યારે, આ ઉપર - ઉપરથી સુખી દેખાતો માણસ દુઃખી બની જશે. તો શા માટે અહીં, અત્યારે જ એ સ્થિતિનો સામનો કરવા માટે કામ શરૂ કરી ન દેવું ?

**પ્રશ્ન : વિપશ્યના સાધના શારીરિક બિમારીઓ મટાડે છે. ખરી ?**

ઉત્તર : હા, પણ, આડ-ઉપજ રૂપે. ઘણા સાઇકો-સોમેટીક રોગો- એટલે કે મનોજન્ય - શારીરિક રોગો, માનસિક તાણાવો. ઉત્તેજનાઓ દૂર થઈ જવાથી અદશ્ય થઈ જાય છે. જો મન શુધ્ધ બનશે, શાંત થશે, તો આપોઆપ તે નિર્મળ કરવાના હેતુથી કરો, તો બન્નેમાંથી એકે નહીં મળે. મેં જોયું છે, કે જે લોકો શારીરિક રોગો દૂર કરવાના હેતુથી શિબિરમાં જોડાય છે, તેઓ શિબિરનો પૂરો સમય, તેમનું ધ્યાન પોતાના રોગ પર જ લગાવી રાખે છે. :- '' આજે કંઈ એમાં સુધારો ? ના, ના. કંઈ જ સુધારો નથી. '' આમ, શિબિરના બધા જ દશ દિવસો આ પ્રમાણે નકામા પસાર કરી દે છે. પણ , જો હેતુ મનને નિર્મળ કરવાનો હોય, તો સાધનાના પરિણામ રૂપે, ઘણાં રોગો આપોઆપ ચાલ્યા જાય છે !

**પ્રશ્ન : શું આ વિધિ સ્વ-કેન્દ્રિત નથી - આપણે કેવી રીતે ક્રિયાશીલ બની બીજાંને મદદ કરી શકીએ ?**

ઉત્તર પહેલાં તો તમારે સ્વ-કેન્દ્રિત-સ્વાર્થી બનવું જ પડશે અને તમને પોતાને મદદ કરવી પડશે. જો તમે તમારી જાતને મદદ કરી શકતા ન હો, તો બીજાંને કેવી રીતે મદદ કરી શકશો ? એક નિર્બળ માણસ, બીજા નિર્બળ માણસને મદદ કરી શકે નહીં. માટે, પહેલાં તમારે જાતે સબળ બનવું પડે છે, અને પછી જ તમારું બળ-સામર્થ્ય બીજાંને મદદ કરવાની શકિતનો વિકાસ કરવામાં વિપશ્યના મદદ કરે છે.


### દોહા ધરમના

ધરમ ધરમ તો સબ કહેં, ધરમ ન સમઝે કોય ।
નિર્મલ મન કા આચરણ, ધરમ શુદ્ધ હૈ સોય ॥

સદાચરણ હી ધરમ હૈ, દુરાચરણ હી પાપ ।
સદાચરણ સે સુખ જગે, દુરાચરણ સંતાપ ॥

હિંદુ મુસલિમ સિક્ખ હો, બૌદ્ધ હોય યા જૈન ।
જિસને મન મૈલા કિયા, વહી હુઆ બેચૈન ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

### દોહા ધરમના

બાહર બાહર ભટકતે, દુખિયા રહા જહાન ।
વિપશ્યના સે મિલ ગઈ, ભીતર સુખ કી ખાન ॥

જન જન કે કલ્યાણ હિત, સ્તૂપ સ્થાપના હોય ।
જાગે વિશ્વ વિપશ્યના, જન જન મંગલ હોય ॥

પ્રજ્ઞા શીલ સમાધિ સે, કરેં બુદ્ધ સન્માન ।
યહી બુદ્ધ કી વંદના, કરેં વિપશ્યના ધ્યાન ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે



સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઇસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૦ એપ્રિલ, ૨૦૦૮ આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery



If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org